ગાંધીનગર સમાચાર

નગરમાં નવા પીક-અપ બસ સ્ટેન્ડનું નઝરાણું



## @ગાંધીનગર

● સર્વ વિદ્યાલય કેમ્પસની આર.એન. પટેલ પ્રાથમિક શાળાના બાળકો માઉન્ટ આબુ ખાતેના એડવેન્ચર કેમ્પ માટે સવારે ૬-૦૦ કલાકે સંકુલના ગેટ નં.-૧ પાસેથી પ્રસ્થાન કરશે.

● ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓ સવારે ૧૦.૦૦ કલાકે સેકટર-૬માં ક્રિશ્ના વૃધ્ધાશ્રમની મુલાકાતે જશે.

- નજાહખાનમ સૈયદ

# સચિવાલય સામે પોઈન્ટની બસે મોપેડને અડફેટે લીધુ

**બેફામ જતી મુસાફરો ભરેલી બસની અડફેટથી એક્સેસ ૨૦થી ૨૫ ફૂટ રસ્તા વચ્ચે ઢસડાયું : એક્સેસ ચાલક સેક્શન ઓફિસર ફંગોળાઈને ડીવાઈડર પર પટકાતા અત્યંત ગંભીર હાલતમાં અમદાવાદ લઈ જવાયા : ડ્રાઈવર-કંડક્ટર બસ ચાલુ મુકીને મુસાફરોને અધવચ્ચે મુકી ફરાર**

ગાંધીનગર, તા. ૨૭

શહેરના ચ-માર્ગ પર સચિવાલયની સામે બેફામ ગતિએ મુસાફરો ભરીને નિકળેલી પોઈન્ટની બસના ડ્રાઈવરે એક એક્સેસને અડફેટે લઈ લેતા એક્સેસ ૨૦થી ૨૫ ફૂટ સુધી ઢસડાયું હતું. એક્સેસ ચાલક સેકશન ઓફીસર આ અકસ્માતમાં ફંગોળાઈને ડીવાઈડર પર પટકાતા ગંભીર હાલતમાં ૧૦૮માં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે આઈસીયુ ઓન વ્હીલ એમ્બ્યુલન્સમાં અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. બસ ડ્રાઈવર અને કંડકટર બંને મુસાફરોને અધવચ્ચે મુકીને બસ ચાલુ રાખીને જ રફ્ફુચક્કર થઈ ગયા હતા. સેક્ટર-૨૧ પોલીસે બનાવ સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.



મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૦ ખાતે રહેતા અને ઉદ્યોગભવનમાં સેક્શન ઓફીસર તરીકે ફરજ બજાવતા કનુભાઈ ડામોર આજે સાંજે ઓફિસમાંથી ઘરે જવા એકસેસ નં. જીજે-૧૮.સી.ઈ. ૭૮૨૩ લઈને નીકળ્યા હતા. ઉદ્યોગભવનથી ટાઉનહોલ-લાયબ્રેરી થઈને ચ-માર્ગ તરફ કનુભાઈ પહોંચ્યા ત્યારે બીજી તરફ મુસાફરો ભરીને સચિવાલય સામેથી પોઈન્ટની બસ બેફામ ગતિએ દોડાવી ચ-માર્ગ પર લાવી આ એક્સેસને બસ વચ્ચે ભરાવી દીધું હતુ. સચિવાલય-સીટીએમ વાયા ચ-રોડ, વિરાટનગ, રબારી કોલોની રૂટની આ એસટી બસ નં. જીજે-૧૮વાય-૯૦૮૯નાં ડ્રાઈવરે એક્સેસને અડફેટે લેતા એક્સેસ ચ-માર્ગ પર ૨૦થી ૨૫ ફૂટ સુધી ઢસડાયુ હતુ. જ્યારે એક્સેસ ચાલક કનુભાઈ ડામોર રસ્તા પર ફંગોળાઈને ડીવાઈડર પર પટકાયા હતા. આ અકસ્માતમાં કનુભાઈ અત્યંત ગંભીર રીતે ઘાયલ થતા તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લઈ જવામાં આવ્યા હતા. જો કે હાલત વધુ ગંભીર જણાતા તેમને આઈસીયુ ઓન વ્હીલ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તો બીજી તરફ એસ.ટી. બસના મુસાફરોને ત્યાં જ રઝળતા મુકીને ડ્રાઈવર-કંડકટર બંને બસને ચાલુ મુકીને જ રફુચક્કર થઈ ગયા હતા. ડ્રાઈવર કંડકટર બંને પીધેલી હાલતમાં હોવાનું પણ બનાવ સ્થળ પર લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું.

## ગરબા રમવા જવાની ના પાડતા ૧૬ વર્ષની કિશોરીનો આપઘાત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક ભાટ ગામમાં રહેતી ૧૬ વર્ષની કિશોરી શરદ પુનમના યોજાયેલા ગરબા રમવા તૈયાર થઈ અને પરીવારજનોએ ગરબા રમવા જવાની ના પાડી દેતા કિશોરીને લાગી આવ્યું હતું. મધરાત્રે આ કિશોરીએ પોતાના ઘરે જ કોઈ ઝેરી દવા ગટગટાવી લઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ ભાટ ગામના રામવાડા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની ખુશ્બુ ગંગારામ રાજપુતે અગમ્ય કારણોસર રાત્રે દોઢ વાગ્યાના અરસામાં પોતાના ઘરે જ ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાત કરી લીધો હતો. અડાલજ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ અમરતભાઈએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કિશોરીનો મૃતદેહ પીએમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ શરદ પુનમના યોજાયેલા ગરબા સ્થળે ગરબા રમવા જવાની પરિવારજનોએ ના પાડતા કિશોરીને લાગી આવતા આ પગલુ ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

## રવિવારે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા આગામી તા.૧લી નવેમ્બરના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન ઘ-૪ સર્કલ, ઉદ્યોગ ભવન ખાતે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું છે. આ પુસ્તક પરબનો મુખ્ય હેતુ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તેમજ લોકોમાં વાંચનની ટેવ કેળવાય તે માટેનો છે.

છેલ્લા બે વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ સહિત સહયોગીઓએ પુસ્તક પરબમાં ભાગ લેવા સર્વે નગરજનો તેમજ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

## ફોરલેન સર્વિસ રોડ માટે કપાતા વૃક્ષો રાહદારીઓ માટે નડતરરૂપ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલા સર્વિસ માર્ગને ફોરેલન બનાવવા માટેની કામગીરીનો પ્રારંભ થઈ ચુકયો છે. વનવિભાગના તંત્ર દ્વારા માર્ગ બનાવવામાં અવરોધરુપ વૃક્ષ હટાવવામાં આવી રહ્યા છે. માર્ગ વચ્ચે કપાયેલા વૃક્ષો આડશ બનતા રાહદારીઓને ભારે મુસીબતનો સામનો કરવો પડયો હતો. તંત્ર દ્વારા માર્ગ વચ્ચે પડેલા વૃક્ષો હટાવવાની કામગીરી ઝડપી અને સરળ બની રહે તેવી રાહદારીઓની માંગણી છે.

ગાંધીનગર-અમદાવાદ શહેર ટવીનસીટી બનવા જઈ રહ્યું છે. આ માર્ગ પર હજ્જારો મકાનો નિર્માણ પામ્યા છે. આ સમગ્ર વિસ્તાર ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાય છે. અહીં મોટી સંખ્યામાં લોકો વસવાટ કરે છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે રોજના લાખો લોકો આવન-જાવન કરે છે. નગરજનોની માર્ગ સલામતીને ધ્યાને લઈ તંત્ર દ્વારા ગાંધીનગર-અમદાવાદ ના મુખ્ય માર્ગની બાજુમાં સમાંતર ફોરલેન સર્વિસ રોડ બનાવવામાં આવી રહ્યો છે. ન્યુ ગાંધીનગરાઓને આ સર્વિસ રોડથી ટ્રાફિકની સમસ્યા હળવી થશે તેમજ નવીન માર્ગનો લાભ મળશે ત્યારે તંત્ર દ્વારા સર્વિસ રોડનું કામ હાથ ધરવામાં આવ્યું છે. નડતરરુપ વૃક્ષો હટાવવાની કામગીરી ચાલી રહી છે. આ વૃક્ષો માર્ગ પર પડતા આડશ ઉભી થાય છે તેથી રાહદારીઓને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. કુડાસણ વિસ્તારમાં મસમોટુ વૃક્ષ ઝડપી હટી ન શકતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા તો કેટલાક વાહનચાલકો અન્ય માર્ગો પરથી રવાના થયા હતા. તંત્ર દ્વારા વૃક્ષ હટાવવાની કામગીરી ઝડપી અને સરળ બની રહે તેવી રહીશોની લાગણી અને માંગણી છે.

## જલારામ ધામમાં શરદોત્સવની ઉજવણી કરાઈ

સેકટર-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે શરદોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જલારામ મંદિરમાં શરદોત્સવ અન્વયે રાસ ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. ગરબે ઘુમતા ખેલૈયાઓને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. જલારામ સેવા સમાજના જીતુભાઈ સેજાણી, અમૃતભાઈ ઠકકર સહિત યુવા અને મહિલા પાંખના હોદ્દેદારો દ્વારા ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગરબા મહોત્સવના અંતે શરદપૂર્ણિમાની રાતની આછોતરા અજવાળામાં ગરબા પ્રેમીઓએ દૂધ પૌંઆનો પ્રસાદ લીધો હતો.

## ક્રેયોન પ્રિ-સ્કૂલમાં 'મધર એન્ડ ચાઈલ્ડ' વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ક્રેયોન્સ પ્રિ-સ્કૂલમાં ઈમેજીન એકિટવીટી સેન્ટર દ્વારા મધર એન્ડ ચાઈલ્ડ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોગ્રામ અંતર્ગત દોઢથી સાડા ત્રણ વર્ષના નર્સરીમાં ભણતા બાળકો અને તેમની માતાઓ માટે બે વર્કશોપ યોજાશે. તા. ૨૦મી થી ૨૭ નવેમ્બર દરમિયાન દરરોજ સવારે ૧૧ થી ૧૨ વાગ્યાના સમયે ૭ દિવસીય વર્કશોપ યોજાશે. જયારે વીક એન્ડ વર્કશોપ તા. ૨૧મીથી ૨૨મી નવેમ્બર દરમિયાન દરરોજ બપોરે ૧૨ થી ૨ વાગ્યા દરમિયાન માતાઓ માટે ખાસ યોજવામાં આવ્યો છે.

આજના ઝડપી યુગમાં જયાં માતા પિતા બંને નોકરી વ્યવસાય કરતા હોય છે ત્યારે બાળકની દેખરેખ, તેની સાથેનું વર્તન તથા તેની સાર સંભાળ વગેરે બાબતો ખુબ જ અગત્યની બનતી જાય છે. આ સંજોગોમાં બાળકનો સારી રીતે ઉછેર કરવો તે અંગે મા-બાપ ઘણી મુશ્કેલી અનુભવતા હોય છે. ઈમેજીન એકિટવીટી સેન્ટર દ્વારા આ વર્કશોપમાં મા-બાપને ઘણી બધી બાબતે જાણકારી અપાશે તેમજ બાળકના વિકાસ અને ઉછેર માટે યોગ્ય પધ્ધતિઓ અંગે માર્ગદર્શન પુરું પડાશે. આ માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. કુમળી વયના બાળકો સાથે મા બાપે કેવું વર્તન કરવું તે અંગે પણ યોગ્ય માહિતી પ્રદાન કરાશે.

# દિયર-દેરાણીનાં ત્રાસથી કંટાળી સે-૧૪ની પરિણીતાએ ફિનાઈલ પીધું

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સે-૧૪માં રહેતી પરીણીતાએ અમદાવાદ બોપલ ખાતે રહેતા તેણીના દિયર-દેરાણીના ત્રાસથી કંટાળીને ફીનાઈલ પી લીધું હોવાનું ધ્યાને આવ્યું છે. ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાના ડાઈંગ ડીકલેરેશનને આધારે સે-૭ પોલીસે દિયર-દેરાણી સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

બે દિવસ પહેલા સેકટર-૧૪ સરદાર પટેલ હાઉસીંગ સોસાયટીમાં રહેતી કલ્પનાબેન ધર્મેન્દ્રકુમાર સોલંકીએ પોતાના ઘરે જ ફીનાઈલ પી લઈને આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઈ હતી. તાત્કાલીક કલ્પનાબેનને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આપઘાતનો પ્રયાસ કરનાર કલ્પનાબેનનું મામલતદાર સમક્ષ પોલીસે નિવેદન લીધું ત્યારે તેણીએ લખાવ્યું હતું કે અમદાવાદ બોપલ વિસ્તારમાં રહેતા તેમના દિયર કલ્પેશ સોલંકી અને દેરાણી યોગીતા સોલંકીના ત્રાસથી કંટાળીને આ અંતિમ પગલું ભર્યું હતું. કલ્પનાબેનના સસરાના આવેલા રૂપિયા પર નજર નાંખીને દિયર-દેરાણી રૂપિયાની અવારનવાર માંગણી કરી ત્રાસ આપતા હોવાથી કંટાળીને આપઘાતનો વિચાર કર્યો હોવાનું અને ફિનાઈલ પી લીધું હોવાનું નિવેદન આપતા સે-૭ પોલીસે દિયર દેરાણી સામે શારિરીક-માનસિક ત્રાસનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

**પરિણીતાનો આબાદ બચાવ : સસરાના આવેલા પૈસાની માંગણી કરી ત્રાસ આપનાર દિયર-દેરાણી સામે ગુનો દાખલ**

## આહિર યુવા ફોરમ દ્વારા તેજસ્વી તારલાઓનો ૧૭મો સન્માન સમારોહ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં કોઈપણ હોદ્દેદારો વગરની સંસ્થા આહિર યુવા ફોરમ ગાંધીનગર દ્વારા ગાંધીનગરમાં વસતા અથવા અભ્યાસ કરતા આહિર સમાજના તેજસ્વી તારલાઓનો ૧૭મો વાર્ષિક સન્માન સમારોહ અને સ્નેહમિલન સમારોહ ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સમાજના ભોજનના દાતા રમેશભાઈ બારડ, ઈનામના દાતા રાજેશભાઈ નંદાણિયા, માજી મંત્રી દેવાણંદભાઈ સોલંકી તેમજ અન્ય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવેલ હતો તેમજ મહાનુભાવોએ આ પ્રસંગે પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

કાર્યક્રમમાં ધો. ૧થી ૧૨ તથા કૉલેજમાં વર્ષ ૨૦૧૪-૧૫ ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તારલાઓને ધોરણ દીઠ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને શિલ્ડ, પારીતોષિક આપીને સન્માનવામાં આવ્યા હતા તેમજ ગાંધીનગરમાં વસતા આહિર સમાજના નિવૃત્ત થતા, પ્રમોશન મેળવેલા તથા બહોળા પ્રમામમાં નવી નિમણૂંક પામેલા આહિર સમાજના સભ્યોનું પણ શુભેચ્છા સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બહોળા પ્રમાણમાં બાળકો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડાન્સ, સ્પીચ જેવી કૃતિઓ રજૂ થતાં સમગ્ર હોલ તાળીઓથી ગૂંજી ઉઠ્યો હતો તેમજ છેલ્લે સમાજનાં તમામ બાળકોને સ્ટેજ પર આવવાની તક આપીને પ્રોત્સાહનરૂપે સામુહિક ડાન્સ રજૂ કરવામાં આવ્યો હતો, જે જોઈને દર્શકો મુગ્ધ થઈ ગયા હતા. ત્યારબાદ તેમને પ્રોત્સાહક ઈનામો આપી બિરદાવવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૧૫-૧૬માં ગાંધીનગરમાં વસતા આહિર સમાજની માહિતી પુસ્તિકા તૈયાર કરવાની હોવાથી તાત્કાલિક ધોરણે ગાંધીનગરમાં વસતા તમામ સભ્યોને પોતાની જરૂરી વિગતો સાથેનાં ફોર્મ ભરીને જમા કરાવવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અંગેની વધુ વિગતો માટે સમાજ-જનોને આહિર યુવા ફોરમ, મિડિયા સમિતિનો મોબાઈલ નંબર ૯૪૨૯૦ ૭૫૮૯૦, ૯૯૨૪૩ ૩૪૬૦૧ દ્વારા સંપર્ક કરવા જણાવાયું છે.

## લોકભારતી સણોસરા ખાતે આજે મનોજ શુક્લનું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

લોકભારતી સણોસરા દ્વારા આયોજિત 'મહાન વ્યક્તિ-મહાન કૃતિ' શિર્ષક તળે યોજાતી વ્યાખ્યાન માળામાં વક્તવ્ય આપવા માટે ગાંધીનગરના વિદ્વાન વાચક અને વક્તા મનોજ શુક્લએ બીજી વખત આમંત્રણ મેળવીને ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું છે.



ઉલ્લેખનીય છે કે સાંસ્કૃતિક નગરીના ગરવા સાક્ષર અને જાણીતા કટાર લેખક મનોજ શુક્લએ આ અગાઉ પણ સાહિત્યના આદાન-પ્રદાન અંગેના કેટલાક સુંદર કાર્યક્રમોમાં સામેલ થઈને આ પહેલાં પણ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. ગત તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ આકાશવાણી, રાજકોટના 'આ માસનું ગીત-આસ્વાદ' શિર્ષક હેઠળના કવિતા રસાસ્વાદના કાર્યક્રમમાં કવિ વિમલ અગ્રવાલની કવિતાનું રસદર્શન કરાવ્યું હતું, જે તા. ૨,૯,૧૬,૨૩ અને ૩૦ ઑક્ટોબરના રોજ પ્રસારિત થયું હતું.

તા. ૪ ઑક્ટોબરના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગરના યુવક મહોત્સવની આંતરકૉલેજ વક્તૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે મનોજ શુક્લની સેવાઓ લેવામાં આવી હતી, સ્પર્ધાના વિષયોના પસંદગીકાર તરીકે પણ તેમની સેવાઓ લેવામાં આવી હતી. એ પછી દૂરદર્શન, રાજકોટ દ્વારા 'સૌથી અલગ, સૌમાં અલગ' શિર્ષક હેઠળ મનોજ શુક્લના જીવન, કવનને લગતી બાબતો વણી લેતી પ્રશ્નોત્તરી સ્વરૂપની મુલાકાત લેવાઈ હતી, જે ડીડી ગિરનાર પરથી તા. ૨૦ ઑક્ટોબરના રોજ પ્રસારિત થઈ હતી. આ પરંપરાના અંતિમ મુકામમાં આવતીકાલે રોજ મનોજ શુક્લનું એક પ્રવચન શ્રી મનુભાઈ પંચોળીની નવલકથા 'દીપ નિર્માણ' પર યોજવામાં આવ્યું છે. લોકભારતી, સણોસરા ખાતે 'મહાન વ્યક્તિ, મહાન કૃતિ' આ પ્રવચન યોજવામાં આવ્યું છે.

## વાતવાતમાં

● મંગળવારે સવારે ૧૧ વાગ્યાના સુમારે ચ-૫ સર્કલ પાસે ચિલોડાથી આવી રહેલ પેસેન્જર રીક્ષાને એક પૂરપાટ વેગે દોડતી કારે ટકકર મારતા પલ્ટી ખાઈ ગઈ હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજા થવા નહોતી પામી પરંતુ કાર ચાલક જોવા પુરતુ પણ ઉભો રહ્યો નહોતો.

● બરાબર આ જ સમયે ગ-૫ પાસે પણ એક નાનકડો અકસ્માત સર્જાયો હતો. જેમાં એક બાઈક સવારને કારે ટકકર મારી હતી. આ અકસ્માતમાં બાઈક સવારને સામાન્ય ઈજાઓ થતા સારવાર માટે દવાખાને લઈ જવા પડયો હતો.

● પથિકાશ્રમ એસ.ટી.ડેપોમાં પ્રવેશી રહેલી એક શહેરી સેવાની એસટી બસ પ્રવેશદ્વારે જ બંધ પડી જવા પામી હતી. આ દરમિયાન પાછળ આવી પહોંચેલી બીજી બસમાં મુસાફરો દોડીને ચઢી ગયા કે તુરંત જ પેલી બસ ચાલુ થઈ જતા તેઓ ભોંઠા પડયા હતા.

● રોડ નં. ૩ પર સાંજના સમયે ડીવાઈડર વચ્ચેના ફુલછોડને પાણી પીવડાવવા મનપાની ટેન્કર આવી હતી. આ ટેન્કરમાંથી એસટી ડેપોની નજીકની ઝુંપડપટ્ટીના શ્રમજીવીઓ પણ પાણી ભરી જતા હતા.

● સોમવારે રાત્રે અપનાબજાર નજીક દાબેલી લેવા આવેલા એક કાકાએ પોતાનું સ્કૂટર ગીયરમાં જ બંધ કરી પાર્ક તો કરી દીધું પછી વળતા વેળાએ ઉભા ઉભા એજ સ્થિતિમાં સ્કૂટર ચાલુ કરતા દોડવા લાગ્યું હતું. સ્કૂટર સાથે ગોળ ગોળ ચકરડી ફરતા કાકાને જોઈ ટોળુ એકઠું થઈ ગયું હતું અને સ્કૂટરને કાબુમાં લીધું હતું.

● સે-૭ના મેઈન શોપીંગ સેન્ટરમાં સોલાર લાઈટો લગાડવામાં આવી હતી. જો કે છેલ્લા બે માસમાં આટ આટલી ગરમી પડવા છતાં આ લાઈટો કેમ ચાલતી નથી તે અંગે શોપીંગના વેપારીઓ અને મુલાકાતીઓ અવઢવમાં છે.

● ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત થઈ રહેલ દિપોત્સવી ૨૦૧૫ અંકમાં ગાંધીનગર સમાચારના પાંચ કટાર લેખકોની કૃતિઓનો સમાવેશ કરાયો છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## સે-૧૬ યુથ હોસ્ટેલના વોર્ડન પદે રજનીકાંત સુથાર

ગાંધીનગર, તા. ૨૭

સેકટર-૧૬ સ્થિત યુથ હોસ્ટેલના વોર્ડન તરીકેનો ચાર્જ તાજેતરમાં નહેરુ યુવા કેન્દ્રના રજનીકાંત સુથારે સંભાળેલ છે. યુથ હોસ્ટેલના પ્રવર્તમાન મેનેજર મહિપતસિંહ જાડેજા (મેજર)ની સમયમર્યાદા પૂર્ણ થતા વહીવટી કારણોસર તેમના સ્થાને નહેરુ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથારની વોર્ડન તરીકે નિમણુંક કરાતા તેમણે તા. ૨૩મી ઓકટોબરે પોતાનો ચાર્જ સંભાળી લીધો હતો.

# નગરમાં નવા પીક-અપ બસ સ્ટેન્ડનું નઝરાણું

**પીક- અપ બસ સ્ટેન્ડોની સ્થળ પસંદગી યોગ્ય ન હોવાનો નગરજનોનો બળાપો, ખર્ચો ફોગટ જવાની આશંકા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં વિવિધ સર્કલો આજુબાજુ તથા અન્ય ઠેકાણે નવા પીકઅપ બસ સ્ટેન્ડ આકાર લઈ રહ્યા છે. નગરજનો માટે દિવાળી ભેટ સ્વરૂપ ગણાતા આ પીકઅપ બસ સ્ટેન્ડ કેટલાક સ્થળોએ પસંદગી યોગ્ય ન હોય તે રીતે ઉભા કરી બિન ઉપયોગી થાય તેવી આશંકા નગરજનો વ્યકત કરી રહ્યા છે. જો કે તંત્ર દ્વારા વિવિધ સામાજીક સંસ્થાઓ કે નગરના અગ્રણીઓનો અભિપ્રાય મેળવી આ સુંદર અને જરૂરી વ્યવસ્થાપનનું આયોજન કર્યુ હોત તો આ બસ સ્ટેન્ડ કાયમી રીતે ઉપયોગી બની શકત તેવો બળાપો પણ નગરજનો કાઢી રહ્યા છે.

નગરમાં છેલ્લા ઘણા વર્ષોથી અનેક ઠેકાણે પીકઅપ બસ સ્ટેન્ડોની માંગ ઉભી થયેલ હતી. જે અન્વયે તંત્રએ અચાનક જ યુદ્ધના ધોરણે નગરમાં વિવિધ આવન જાવનના સ્થળો આસપાસ નવા પીક અપ બસ સ્ટેન્ડ ઉભા કરવાનું શરૂ કરી દીધું છે. નગરજનોની જરૂરિયાત અને નગરની સુવિધા ગણાતા આ બસ સ્ટેન્ડ દિવાળી ટાણે જ ઉપયોગમાં આવશે તેવો શુભ આશય તંત્રનો રહ્યો હોય તેવું કામની ઝડપ ઉપરથી લાગી રહ્યું છે. પરંતુ આ નવા બનાવાયેલા પીક અપ સ્ટેન્ડ બસ, રીક્ષા કે ખાનગી વાહનો ઉભા રહે છે ત્યાંથી જોજનો દૂર ઉભા કરવામાં આવ્યા છે જેથી મુસાફરો માટે ફરજીયાત સર્કલ નજીક કે વાહનો જયાં ઉભા રહેતા હોય ત્યાં આવવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. માટે આ નવા બસ સ્ટેન્ડ ખરેખર સ્થળ પસંદગીની દષ્ટિએ બિન ઉપયોગી પુરવાર થાય તેવું લાગી રહ્યું છે.



તંત્ર દ્વારા મુસાફરોની જરૂરિયાતને ધ્યાને લઈ લેવાયેલા આ પગલાંને નગરજનોએ આવકાર્યા છે. પરંતુ તંત્ર એ આ અંગે કોઈ સર્વે કે અભિપ્રાય લેવાનો આગ્રહ ન રાખ્યો તે યોગ્ય ન હોવાનું નગરજનો જણાવી રહ્યા છે. નવા પીક અપ બસ સ્ટેન્ડમાં હજુ કામગીરી થઈ રહી છે જેથી મુસાફરોને ઉનાળો, શિયાળો અને ચોમાસામાં આ પીક અપ બસ સ્ટેન્ડ સહારો પુરાવાર થાય તે હેતુ સમાયેલો છે. પરંતુ મુસાફરો આ પીક અપ બસ સ્ટેન્ડનો ઉપયોગ જ નહીં કરે તો ખર્ચો ફોગટ જવાની આશંકા સેવાઈ રહી છે. પાટનગરમાં જ તંત્રની લાપરવાહી હોય તો અન્ય નગરમાં હશું હશે? તેવું નગરજનો ચર્ચી રહ્યા છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## રાજય કક્ષાની સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં મનીષા ત્રિપાઠીને મળેલ કુલ છ મેડલ

ગાંધીનગર, તા. ૨૭



સ્વીમીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ભોપાલ ખાતે ૧૨મી નેશનલ માસ્ટર્સ એકવેટીક ચેમ્પીયન શીપ-૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના મહિલા સ્વીમર મનીષાબેન ત્રિપાઠીએ ૬૦-૬૪ વય ગૃપમાં ભાગ લીધો હતો. નેશનલ કોમ્પીટીશનમાં ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ, ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ, ૪x૫૦ મીટર મીડલે રીલેમાં ગોલ્ડ, ૪x૫૦ મીટર ફ્રી સ્ટાઈલ રીલેમાં ગોલ્ડ ૧૦૦ મીટર બેકમાં સીલ્વર, ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં સીલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતા. ચાર ગોલ્ડ અને બે સિલ્વર મેડલ મેળવી કુલ છ મેડલ મેળવી સમગ્ર ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ભોલાજી વરસંગજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. શંકરભાઈ રેવાભાઈ બારોટ, ઉ.વ. ૭૨